**<u>ફોજદારી પરચુરણ અ. નં. ૨૨૦૬/૨૦૨૨</u>**

**<u>અરજદારની ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૪૫૧ અને ૪૫૭ મુજબની અરજી લગત હુકમ</u>**

અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિધ્વાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા, રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છે કે તેઓ અરજીમાં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ. જે બનાવમાં તેઓના BANK OF INDIA ના ખાતા નંબર **20110110002766** માંથી રૂપિયા **98887/-** તથા AXIS BANK બેંકના ખાતા નં. **920010073953427** માંથી રૂપિયા **3,333/–** મળી કુલે રૂપિયા **1,02,220/–** ઉપડી ગયેલ હતા. જે બાબતે તેઓએ આશ્વસ્ત પ્રોજેકટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને ફરિયાદ નોંધાવેલ હતી. જે ફરિયાદ તારીખ 05/09/2022 નાં રોજ ACK NO. 31109220052182 ટિકિટ નંબરથી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ ધ્વારા સામાવાળાના CANARA BANK ના 0151101018737 ખાતામાં તેઓના ગયેલ નાણાં પૈકી રૂપિયા 102220/- ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ હતા, જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. તેઓને ખૂબ જ મોટું આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપિયાની જરૂર હોય, સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૧ અને ૪૫૭ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર નાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહિત સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરવા હુકમ કરવામાં આવેલ.

જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર નાઓએ તેઓનો અભિપ્રાય રજૂ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાણાં જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ

જતા હોય છે ત્યારે આવા નાણાંને તાત્કાલિક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર ધ્વારા સાયબર આશ્વસ્થ પ્રોજેકટ સામાન્ય નાગરિકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ હસ્તક ચાલુ છે અને તેઓ નાયબ પોલીસ અધિક્ષક તરીકે આ સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ ખાતે ફરજ બજાવે છે. આ પ્રોજેકટ અંતર્ગત સાયબર ક્રાઈમ ઈન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટમાં સાયબર ક્રાઈમનો ભોગ બનનાર નાણાં જયારે ઓનલાઈન ટ્રાન્સફર થઈ જતા હોય છે તેને તાત્કાલિક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઈમના ભોગ બનનાર નાગરિકો સીધી જ પોતાની ફરિયાદ ૧૦૦ નંબર (હાલ ૧૯૩૦) પર ડાયલ કરીને લખાવે છે ત્યારે ઈન્સીડન્ટ રિસ્પોન્સ યુનિટ ધ્વારા એક ટિકિટ નંબર આપવામાં આવે છે તેમજ સાથોસાથ જે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરિકના નાણાં ગયેલ હોય તે બેંકને નાણાં ફ્રીઝ કરાવવા તેમજ જો નાણાં ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલ હોય તો તેની માહિતી આપવા માટે તેઓની કચેરીએથી સીઆરપીસીની કલમ ૯૧ તથા ૧૦૨ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેંકો ધ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણાં ફ્રીજ કરવામાં આવે છે.

નાયક પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર નાઓએ વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદારશ્રી સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો. જેમાં અરજદારની બેંક BANK OF INDIA ના ખાતા નંબર **201110110002766** માંથી રૂપિયા **98887/-** તથા AXIS BANK બેંકના ખાતા નં. **920010073953427** માંથી રૂપિયા **3,333/–** મળી કુલ્લે રૂપિયા **1,02,220/–** ઉપડી ગયેલ હતા. જે બાબતે અરજદારે આશ્વસ્ત પ્રોજેકટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને પોતાની ફરિયાદ નોંધાવેલ હતી. જે ફરિયાદ આધારે અરજદારને ટિકિટ નં. ack no. 31109220052182 આપવામાં આવેલ. આ અરજદારની ફરિયાદ આધારે સાયબર ક્રાઈમ સેલ સીઆઈડી ક્રાઈમ ધ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણાં પૈકી સામાવાળા શંકાસ્પદ બેંક CANARA BANK ના 0151101018737 ખાતામાં તેઓના ગયેલ નાણાં પૈકી રૂપિયા 102220/- રૂપિયા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાણાં પાછા ખેંચવા માટે અરજદારશ્રીએ આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારૂં તેઓનો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે તેઓએ જણાવેલ છે કે, અરજદારશ્રી નાઓના સામાવાળા શંકાસ્પદ બેંક

CANARA BANK ના 0151101018737 ખાતામાં તેઓના ગયેલ નાણાં પૈકી રૂપિયા 102220/- રૂપિયા ફ્રીઝ થયેલ છે, જે સદર બેંક ખાતા બનાવટી હોવાનું જણાયેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી, જેથી તે રૂપિયા અરજદારશ્રીને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

સદર કામે અરજી સાથે રજૂ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતાં તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજૂ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ થાય છે કે હાલના અરજદારના બેંક BANK OF INDIA ના ખાતા નંબર **20110110002766** માંથી રૂપિયા **98887/-** તથા AXIS BANK બેંકના ખાતા નં. **920010073953427** માંથી રૂપિયા **3,333/–** મળી કુલ્લે રૂપિયા **1,02,220/–** રૂપિયા ઉપડી ગયેલ તેમજ સદર નાણાં શંકાસ્પદ બેંક CANARA BANK ના 0151101018737 માં ગયેલ હોય અરજદાર ધ્વારા આશ્વસ્ત પ્રોજેકટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને ફરિયાદ નોંધાવેલ હતી, જે ફરિયાદ તારીખ 05/09/2022 નાં રોજ ack no. 31109220052182 ટિકિટ નંબરથી નોંધાયેલ હતી. આમ, સદર હકીકત ધ્યાને લેતાં અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબકક      સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં હાલના કામે આજદિન સુધી કોઈ એફઆઈઆર થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદઉપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતું નથી તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર બેંક ખાતા બનાવટી હોવાનું જણાવેલું છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર નાણાં અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે, જેથી અત્ર ેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

આ તબક્કે સદર નાણાં પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે–

457.Procedure by police upon seizure of Property.

(1) Whenever the seizur of property by any police officer is reported to a Magistrate Under the Provisions of this code, and such Property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respectiong the disposal of such property or the delivery of such property to the person entitiled to the possession there of, of such person cannot be ascertained, respecting the custody and production of such property.

(2) If the person so entitled is known the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shalll, in such case, issue a proclamation specifying the articles of which such proerty consists, and requiring and person who may have a claim thereto, to appear before him and establesh his claim within six months from the date of such Proclamation.

આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭(૧) માં જણાવ્યા મુજબ જયારે કોઈ પણ પોલીસ અધિકારી દ્વારા મિલ્કતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલ્કત અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિલ્કતના નિકાલ અથવા તો કબ્જા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે. તદઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગોવિંદભાઈ તેજાભાઈ બારીયા વિ. ગુજરાત રાજય, ૨૦૦૧ (૨) જીએલએચ ૭૨૬ ના કેસમાં પેરા નં. (૯.૨), (૧૦) તથા (૨૨) માં પણ નીચે મુજબ ઠરાવેલ છે.

(9.2)..... Shri Pandya has cited so many authorities with regard to legal possesion of Sec.and Sec.of CrPC.Here in this case owner lodged a complaint in the police station for which offence has been registered for theft having been committed in respect of two vehicles.That two vehicles have been found from the possession of the purchaser but at the same time

the investigating Officer has come to a conclusion that complainant has filed a false case and therefore muddamal vehicles are seized during the course of the police investigation and Investigating Officer has reported about such seizure of two vehicles,from the purchaser to the Court and therefore Section 457 of CrPC will be applicable.In no case Sec.451 Cr.P.C.will be applicable to this case.Sec.457 of Cr.P.C.Reads as follows:

"Sec.457 Procedure by police upon seizure of Property:

[(a) Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code,and such property is not produced before a Criminal Court during and inquiry of trial,the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof,or if such person cannot be ascertained,respecting the custody and production of such property.]

"(2) If the person so entitled is known,the Magistrate may order the property to be delivered to him on such condition(if any)as the Magistrate thinks fit and if such person is unknown,the Magistrate may detain it and shall in such case issue a proclamation specifying the articles of which such property consists,and requiring any person who may have a claim thereto,to appear before him and establish his claim within six months from
the date of such proclaimation."

(10). On reading aforesaid section,it is crystal cleat that worsd "may make such order as he thinks fit"are of much importance.When word 'may'is used discretion has been given to the learned Magistrate,of course that discretion is to be exercised judicially keeping in mind the well settled principled of law.The words"to the person entitled to the possession thereof" are also important and relevant.**From the papers if the learned Magistrate has come to a conclusion that particular person is entitled to the possession of the vehicles then he cas pass the order directing the muddamal article to be handed over to that person**.From record it appears that the purchaser has paid Rupees 3,10,000/- to the owner of the vehicles and society was knowing about the fact that owner has already vehicles to purchaser.

(22). As discussed earlier,when the learned Magistrate has followed the decision of this Court,in Hussain Amitbhai Qureshi(supra),it cannot be said that he has passed an order contrary

to well settled legal position with regard to return of muddamal articles under Sec.457 of CrPC pending the inquiry.

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં સદરહુ નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નંબર ૩૦૭**ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજૂર કરવાપાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની અરજી આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭ હેઠળ આથી મંજૂર કરવામાં આવે છે.

અરજદારને સદર ગુનાના કામે સીઝ કરવામાં આવેલ રોકમ રકમ રૂા. 102220/– પુરા દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ CANARA BANK ને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં તેમની બેંકમાંના એકાઉન્ટ નંબર 0151101018737 માં અરજદારનાં જે રૂા. 102220/- જમા છે તે રકમ BANK OF INDIA ના એકાઉન્ટ નંબર. 201110110002766 માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

**<u>શરતો</u>**

(૧) અત્રેથી અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણાં અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અરજદારે સદર મુદ્દામાલ રોકડ નાણાં અન્ય કોઈને ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા કરાવવા નહિં.

(૪) સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહિત કામે ઉપયોગ કરવો/ કરાવવો નહિં.

(૫) કોઈપણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાનેપાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાનેપાત્ર રહેશે.

હુકમ આજરોજ તા. ૧૨ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૨/૧૧/૨૦૨૨
સ્થળ: અમદાવાદ

(**આર.એ.ઝાલા**)
UIC CODE NO. GJ00938
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.

જે.ડી.ડાભી(પી.એ.)